ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

## વાત ગાંધીનગરની

ગાંધીનગરના સત્તાકેન્દ્ર સમા સચિવાલયમાં મળેલી કેબીનેટની બેઠકમાં ખેડૂતો પાસેથી અનાજની ઓનલાઈન ખરીદી સંદર્ભે નિર્ણયો લેવાયા હતા. બાકીની વાતો અનિર્ણિત રહી હતી. આજકાલ સચિવાલયમાં મુલાકાતીઓની સંખ્યા નહિવત રહે છે અને પ્રવેશ માટેના નિયમો પણ ચુસ્ત રીતે પળાતા હોવાથી ફાલતુ અવરજવર રોકી શકાય છે. શહેરના સેક્ટર-૨૪માં સોશિયલ ડીસ્ટન્સીંગનું કોઈ પાલન થતુ નથી અને સાંજે ૪ થી રાતના ૮ સુધી ભીડ-ભીડ-ભીડ જ દેખાય છે.

**એન્ટીબોડી ટેસ્ટને મંજુરી અપાઈ**

આરોગ્ય વિભાગના આદેશ મુજબ બુધવારે મોડીરાત બાદ ખાનગી લેબોરેટરીઓને એન્ટીબોડી ટેસ્ટ કરવાની મંજુરી આપવામાં આવી છે. જેના માટે પરિપત્રમાં જણાવ્યું છે કે, ELISA at LAB-430, ELISA at Home-550, CLIA at LAB-500, CLIA at Home-600નો દર નિયત કરવામાં આવ્યો છે.

**ગરબાની મંજુરીની શક્યતા ઓછી છે...**

બુધવારની કેબીનેટમાં ગરબાની મંજુરીની આશા રખાઈ હતી પરંતુ એમાં કોઈ ચર્ચા પણ ના થઈ. અધિકારીઓનો એક વર્ગ એમ માને છે કે કેન્દ્ર સરકાર જ ગુજરાતના ગરબાની અને બંગાળમાં દુર્ગાપુજાની મંજુરી નહી આપે. આમ છતાં હજુય ગુજરાત સ્પષ્ટ ગાઈડલાઈનની રાહ જુએ છે. ગુજરાતમાં જો ગરબાની મંજુરી અપાય તો બંગાળમાં પણ દુર્ગાપુજાની મંજુરી આપવી પડે. જે કેન્દ્ર સરકાર માટે અઘરૂ છે અને ગુજરાતમાં ડૉક્ટરોનો એક વર્ગ ખુબ આક્રમક રીતે ગરબાની મંજુરીની વિરોધમાં છે એટલે સમગ્ર પ્રશ્ન ગુંચવાયો છે.

**જીગાબાપુ એપોલોમાં સારવાર હેઠળ**

ગાંધીનગરના વરિષ્ઠ આગેવાન અને મનપાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા 'જીગાબાપુ'ને ગઈકાલે સાંજે શ્વાસમાં નજીવી તકલીફ સર્જાતા એપોલો હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. છેલ્લી માહિતી મુજબ જીગાબાપુની સ્થિતિ નોર્મલ છે. પરંતુ પાંચ દિવસ ઓબ્ઝર્વેશનમાં રખાશે એમ તબીબો કહે છે.

**સાહિત્યક્ષેત્રમાં પણ કોરોનાનો પગ પેસારો**

ગાંધીનગરના જાણીતા અને લોકપ્રિય કવિ કિશોર જીકાદરા કોરોનાથી સંક્રમિત થયા છે. કિશોરભાઈ સામાજીક કારણોસર અમદાવાદના રોકાણ દરમિયાન કોરોનાથી સંક્રમિત થયા હતા. તેઓ ખુબજ સ્વસ્થ છે. આ ઉપરાંત વયોવૃદ્ધ સાહિત્યકાર શિવશંકર દવે પણ કોરોનાથી સંક્રમિત થયા છે. આ અગાઉ જાણીતા કટાર લેખિકા નેહલ ગઢવી પણ કોરોનાથી સંક્રમિત થયા હતા. આમ શહેરમાં રાજકારણીઓ અને અધિકારીઓ બાદ સાહિત્યકારો પણ કોરોનામાં સપડાતા જાય છે.

**ભાજપમાં ભાષણનો મોટો મહિમા**

ભાજપમાં કંઈના કંઈ નિમિત્તો ઉભા કરી ભાષણના કાર્યક્રમો યોજાય છે. ટોળા ન થાય તો ભાજપને ગમતુ નથી અને ભાષણ તો કરવા જ પડે ! વક્તાઓ પણ એ જ હોય અને શ્રોતાઓ પણ એ જ હોય પણ રોજેરોજ કંઈકના કંઈક બહાને ભાષણ થવા જોઈએ. એ કોબાનું 'કમલમ્' હોય કે ગાંધીનગરનું 'કમલમ્' આજે ૭મીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૨૦ વર્ષની ઉજવણી નિમિત્તે પણ ભાષણોની પરંપરા જળવાઈ હતી.

- **આજનો 'અર્ક'**
  અભિમન્યુનું સૂત્ર યાદ રાખવું
  ''હિંમતથી હાર જો પણ હિંમત ના હારતાં''

# મુખ્યમાર્ગો પર જોખમી સ્થિતિ નિવારવા ચેમ્બરના ઢાંકણો નાંખવાનુ કામ શરૂ

### માર્ગ વચાળે ગાબડા પડતા તંત્ર કામે લાગ્યુ : તુટેલા ઢાંકણોના લીધે માર્ગ સલામતી જોખમાઇ હતી

ગાંધીનગર તા ૭



શહેરના માર્ગો પર સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરો તુટેલી હાલતમાં છે. જેના લીધે માર્ગ વચાળે સ્થિત આ તુટેલી ચેમ્બરો વાહનચાલકો માટે જોખમી પુરવાર થઈ રહી છે. જેના લીધે માર્ગ સલામતી પણ જોખમાઈ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ત્યારે તંત્ર દ્વારા આ જોખમી સ્થિતિ નિવારવા માટે ચેમ્બરોને નવા ઢાંકણ નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

શહેરમાં વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ સેકટરોમાં ચાલી રહ્યુ છે ત્યારે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામાના અંતે અનેક સમસ્યાઓ સર્જાઇ છે. વરસાદી પાણીના નિકાલની લાઈનના ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ ન થતા વરસાદી દિવસોમાં મોટામસ ગાબડા જોવા મળી રહ્યા છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં હજુ પણ ખોદકામના લીધે લાઈટો ડુલ છે.

જયારે યોગ્ય માટી પુરાણના અભાવે હળવા વરસાદમાં પણ જોખમી દ્રશ્યો જોવા મળે છે. બીજીતરફ નગરના મુખ્યમાર્ગો પર સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરો પણ વારંવાર તુટતા જોખમી સ્થિતિ સર્જાય છે. વાહનચલાકો આ તુટેલી ચેમ્બરના લીધે અકસ્માતને ભેટે છે. આ જોખમી સ્થિતિને

● અનુસંધાન પાન-૭ પર

# શહેરની ફુટપાથના ગાબડા પુરવા તંત્ર હવે સમારકામ હાથ ધરશે

### કોર્પોરેશને ફુટપાથ પર તોડફોડ કરી હવે માર્ગ મકાન વિભાગ થીગડા મારશે

ગાંધીનગર તા ૭

ગાંધીનગરના માર્ગો આસપાસ કરોડોના ખર્ચે ફુટપાથનુ નિર્માણ કરાયુ છે. શહેરમાં અંદાજિત ૯૫ કી મી નુ ફુટપાથનુ નેટવર્ક છે. પરંતુ ફુટપાથની જાળવણીનુ કામ વિસરાતા હાલ મોટાભાગના વોક વે પર મોટામસ ગાબડા જોવા મળી રહ્યા છે. સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી દરમિયાન ફુટપાથ ખોદીને લાઈન નાંખવામાં આવી છે જેના અંતે વરસાદી દિવસોમાં મોટાભાગના ઠેકાણે ફુટપાથ જમીનમાં ગરકાવ થઈ ગઈ છે. સેકટરોમાં ફુટપાથ વેરવિખેર થઈ જતા આખરે કોર્પોરેશને તોડેલી ફુટપાથનુ માર્ગ મકાન વિભાગ સમારકામ હાથ ધરશે.

શહેરમાં વરસાદી પાણીના નિકાલની લાઈન દરમિયાન ફુટપાથમાં મોટાભાગના સ્થળે ભંગાણ થયુ છે. વોક વે પરની ટાઈલ્સો પણ ઉખડી ગઈ છે. જેના લીધે વોક વે પર નિકળતા મોર્નિંગ

● અનુસંધાન પાન-૭ પર



## નરેન્દ્ર મોદીના શાસનના બે દાયકા

# ''મારો સંઘર્ષ ફાઈલમાં લાઈફ લાવવાનો છે....''

**ગુજરાતના મુખ્યમંત્રી પછી વડાપ્રધાન બનેલા નરેન્દ્ર મોદીએ એક નવો ઇતિહાસ રચ્યો છે. તેઓ ભારતના ચોથા એવા વડાપ્રધાન છે કે જેમણે લાંબા સમય સુધી શાસન કર્યુ છે : મોદીએ છ વર્ષ પૂર્ણ કર્યા છે. એટલું જ નહી તેઓ સૌથી લાંબુ શાસન કરનારા ભારતના બિન કોંગ્રેસી વડાપ્રધાન છે**



ગાંધીનગર

ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રાજકીય સફળતાના બે દાયકા પૂર્ણ થયાં છે. આટલી લાંબી રાજકીય કારકિર્દી ધરાવતા રાજકીય નેતાએ ભારતના સિમાડા વટાવીને વિશ્વના દેશોમાં તેમના નામનો ડંકો વગાડ્યો છે. આ સમયગાળા દરમ્યાન તેઓ નેશનલ નહીં પણ ઈન્ટરનેશનલ લિડર બની ચૂક્યાં છે. સ્વભાવે કડક પણ અંદરથી મૃદુ એવા નરેન્દ્ર મોદીની વડાપ્રધાનપદે બીજી ટર્મ ચાલી રહી છે. તેમના બોલ્ડ નિર્ણયો આજે પણ લોકો યાદ કરે છે.

ગુજરાતમાં નરેન્દ્ર મોદીનું સ્લોગન – સૌનો સાથ સૌનો વિકાસ હતું જ્યારે વડાપ્રધાન બન્યાં ત્યારે તેમનું સ્વપ્ર – હિન્દુસ્તાન થકી વિશ્વના દેશોનો વિકાસ રહ્યું છે. તેમના શાસનનું એક જ કમિટમેન્ટ છે –ઉંચા સપના જોવા અને તેને સમયબદ્ધ પુરાં કરવા...

વાયબ્રન્ટ સમિટ દ્વારા ગુજરાતે ઘણાં વિકસિત દેશો સાથે મજબૂત સંબંધો સ્થાપિત કર્યા છે. જાપાન વર્ષ-૨૦૦૩થી વાયબ્રન્ટ ગુજરાતનો ભાગીદાર દેશ છે. આજે ગુજરાત અને જાપાના સરકારના સંયુક્ત પ્રયાસોને પરિણામે ગુજરાતમાં અત્યાર સુધીમાં ૮૦ થી વધારેકંપનીઓ દ્વારા ૧ બિલિયન અમેરિકન ડોલર મૂડી રોકાણ કરવામાં આવ્યું છે. જાપાન દ્વારા અમદાવાદ મેટ્રો અને અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન જેવા ગુજરાતનાં ફ્લેગશિપ પ્રોજેક્ટ્સને સપોર્ટ કરે છે. ગુજરાતમાં ૮૦થી વધારે જાપાનીઝ કંપનીઓ, ૮૦ ઉપરાંત જર્મન કંપનીઓ, ૨૦થી વધારે સ્વિડિશ કંપનીઓ, ૨૦ ઉપરાંત ફ્રેન્ચ કંપનીઓ સહિત ૧૫થી વધારે ચાઈનીઝ કંપનીઓ આજે સક્રિય રીતે હાજરી ધરાવે છે. છેલ્લા બે દાયકામાં ગુજરાતમાં થયેલા આ જબજસ્ત ઔદ્યોગિક વિકાસના પાયામાં વાઈબ્રંટ ગુજરાતના સફળ આયોજનો જ છે.

ગુજરાતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ મહોત્સવ, ચિંરજીવી યોજના, માતૃવંદના, બેટી બચાવો - બેટી પઢાવો, જ્યોતિગ્રામ યોજના, કર્મયોગી અભિયાન, કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ, બાળભોગ યોજના જેવી અનેક જનહ્તલક્ષી યોજનાઓ બનાવી. દેશના તમામ મુખ્યમંત્રીઓએ તેમના રાજ્યમાં કરેલા વિકાસના

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં આજે વિક્રમી ૨૩ કેસ નોંધાયા

### આજે સે. ૫ માંથી ૪, સે. ૭, સે. ૨, સે. ૪, સે. ૩૦, સે. ૯, સે. ૧૩ માંથી ૨-૨ તો સે. ૨૪ માંથી ૩ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત જીઈબી, પાલજ, સે. ૩ અને સે. ૧૭ માંથી પણ કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં આજે માસના સૌથી વધુ ૨૩ કોરોના પોઝીટીવના કેસો નોંધાતાં તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. આજે નોંધાયેલા ૨૩ કેસ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૪૪૬ થઈ છે.

આજે પણ નવા સેક્ટરોમાંથી જે રીતે કેસો વધી રહ્યા છે તેણે તંત્રએ ગંભીરતાથી લીધા છે. શહેરમાં વધતા જતા કેસોની ગતિએ તંત્રને પણ ચોંકાવી દીધુ છે.

આજે સે. ૫ માંથી ૪, સે. ૭, સે. ૨, સે. ૪, સે. ૩૦, સે. ૯, સે. ૧૩ માંથી ૨-૨ તો સે. ૨૪ માંથી ૩ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત જીઈબી, પાલજ, સે. ૩ અને સે. ૧૭ માંથી પણ કેસો મળી આવ્યા છે.

આજે ૬૦ થી વધુ વય ધરાવતા ૭ દર્દીઓ મળી આવ્યા છે. ૮ મહિલા દર્દીઓ મળી છે. જેણે તંત્રની ચિંતા વધારી છે. તંત્રએ મોટી વય ધરાવતા લોકો અનિવાર્ય ન હોય તો ઘરની બહાર જવાનું ટાળે તે અપીલને આજે પણ દોહરાવી છે.

શહેરમાં ટેસ્ટીંગનું પ્રમાણ પણ વધારવામાં આવ્યુ છે. શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ સારવાર મેળવતા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રના કાર્યભારણમાં પણ વધારો થવા પામ્યો છે.

સે. ૭ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. સે. ૩૦ પોલીસભવનમાં ફરજો બજાવતા ૫૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૪૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જીઈબીમાં રહેતી અને સચિવાલયમાં ફરજો બજાવતી ૨૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૫ માંથી આજે ૪ કેસ નોંધાયા છે. આજે મળેલા કેસો એ તંત્રને હચમચાવી દીધુ છે. સે. ૫ માંથી આજે ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીને સારવાર માટે સિવિલમાં દાખલ કરેલ છે. વડોદરામાં સેલ્સટેક્ષ ઓફિસર તરીકે ફરજો બજાવતા અને સે. ૫ માં રહેતા ૩૨ વર્ષીય યુવા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૫ માંથી ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે એસએમવીએસ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. નવા સચિવાલયમાં સિંચાઈ વિભાગમાં ક્લાર્ક તરીકે ફરજો બજાવતા ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩૦ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૨૪ માં દુકાન ધરાવતા અને ૩૦ માં રહેતા ૭૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. જીએડીમાં નોકરી કરતા ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્ય છે.

પાલજનમાંથી ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨ માંથી એક વૃદ્ધ દંપત્તિ કોરોનાની ઝપટે ચઢ્યુ છે. ૮૬ વર્ષીય પુરૂષ અને ૮૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આ બન્ને દર્દીને આશ્કા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

સે. ૪ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૪ માંથી ૮૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતા યુ.એન. મહેતામાં સારવા માટે દાખલ કરાયા છે. આ ઉપરાંત શ્રમ વિભાગમાં ફરજો બજાવતા ૫૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૪ માં કોરોનાએ પુનઃ તેનુ આક્રમકરૂપ ધારણ કર્યુ છે. આજે પણ આ સેક્ટરમાંથી ૩ કેસ મળતાં તંત્રની ચિંતા વધી છે.

સે. ૨૪માં રહેતા અને ઉદ્યોગભવનમાં ફરજો બજાવતા ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અમદાવાદ સેશન્સ કોર્ટમાં આસિ. સુપ્રિટેન્ડન્ટ તરીકે ફરજો બજાવતા

● અનુસંધાન પાન-૭ પર

# કોરોના કાળમાં ઘરે બેઠા પણ પોતાની આંખની તપાસ જાતે કરી શકશે

### સ્માર્ટ ફોનમાં આઈ ટેસ્ટની એપ્લિકેશન મારફતે દૂર અને નજીકની દ્રષ્ટિ ઉપરાંત ત્રાસા નંબર અને કલર-કોન્ટ્રાસ્ટ વિઝન પણ સરળતાથી ચેક થઈ શકશે

ગાંધીનગર, તા. ૭

હાલના આ મહામારીના સમયમાં સામાન્ય વ્યક્તિથી લઈને સરકાર સુધી તમામનું ધ્યાન કોરોના ઉપર જ છે ત્યારે આગામી ગુરૂવારે વિશ્વ દ્રષ્ટી દિવસ છે તે ભૂલવું ન જોઈએ. કોરોના માટે ઘરમાં રહીને અથવા તો અંતર બનાવીને સુરક્ષિત રહેવું ખૂબ જ આવશ્યક છે પરંતુ ઝામર, ડાયાબિટીસ કે અન્ય કારણોસર આંખની ખામીને નજર અંદાજ કરવામાં આવે તો તે અંધાપો લાવી શકે છે. જેથી કોરોનાના આ

## ટેલિમેડીસીન અને ડાયાબિટીસના દર્દીઓ માટે ફંડલ ઈમેજની ફ્રી સેવા

કોરોનાના કપરા સમય કાળમાં ઘણી બધી વ્યક્તિઓ દવા ચુકી જાય છે, ટેન્શનમાં ડાયાબિટીસ વધી જાય છે, ચાલવાનું બંધ થઈ ગયું છે, બીકના લીધે રૂટીન ચેકઅપ રહી ગયું છે, એવા બધા દર્દીઓ માટે આંખનું ચેકઅપ અનિવાર્ય છે. ૨૦ ટકા લોકોમાં અંધાપાનું કારણ આંખમાં ઉતરતો ડાયાબિટીસ છે અને જેટલી વ્યક્તિને ડાયાબિટીસ છે એમાંથી ત્રીજા ભાગની વ્યક્તિને આંખમાં ઉતરે છે અને એમાંથી ત્રીજા ભાગની વ્યક્તિ આંખ ગુમાવે છે. શરૂઆતના સમયમાં દ્રષ્ટિ ધૂંધળી ન થતી હોવાથી લોકો નિદાન ચુકી જાય છે અને પાછળતી અંધાપો નોતરે છે. વિશ્વ દ્રષ્ટિ દિવસ નિમિતે જાગૃતિ કેળવતા ડો. તેજલ દલાલે હાકલ કરી હતી કે દરેક ડાયાબિટીસના દર્દીએ આંખનું ચેકઅપ દર વર્ષે કરાવવું જ જોઈએ અને ડૉક્ટરની સૂચના પ્રમાણે જરૂર લાગે તો એનું ચેકઅપ વર્ષમાં બે કે ત્રણ વાર થવું જોઈએ.

**આંખનો ફોટો વોટ્સએપ કરી નિઃશુલ્ક નિદાન કરાવો**

તેજ આઈ સેન્ટર દ્વારા ટેલીમેડિસિનની નિઃશુલ્ક સેવા શરૂ કરવામાં આવનાર છે. આ અંગે ડોક્ટર તેજલ દલાલે જણાવ્યું હતું કે કોઈ વ્યક્તિને આંખ ઉપર સોજા, આંખ લાલ થઈ જવી, આંખમાં રજ પડવી જેવી સામાન્ય તકલીફ હોય તો તેઓ તેજ આઈ સેન્ટરના વોટસેપ નંબર ૯૯૨૪૦૮૮૫૦૦ ઉપર આંખનો યોગ્ય ફોટો મોકલશે તો ટેલિમેડીસીનના મારફતે તેજ આઈ સેન્ટરની ટીમ તેનું યોગ્ય નિદાન કરશે તથા જરૂરી સારવાર માટે સલાહ પણ આપશે આ ટેલિમેડીસીનના ની સેવા દરરોજ બપોરે ૩ થી ૫ દરમિયાન આપવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર




# ગ્રામીણ વિસ્તારમાં વધુ ૧૮ કેસ

### ગાંધીનગરમાં ૯, કલોલમાં ૫, માણસા-દહેગામમાં ૨-૨ કેસ : ૨૦૦૬ દર્દીઓ કોરોના મુક્ત થયા : ૭૧ હજાર ટેસ્ટ આજ સુધીમાં થયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૧૮ કેસ નોંધાયા છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોએ તંત્રની ચિંતા વધારી છે.

આજે નોંધાયેલા ૧૮ કેસમાંથી ૧૧ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. જિલ્લામાં ટેસ્ટીંગનું પ્રમાણ પણ વધારી દેવામાં આવ્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૭૧ હજારથી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાની બેકાબુ બનેલ સ્થિતિ પછી કલોલમાં પણ પુનઃ કેસોની સંખ્યા વધતાં તંત્રની ચિંતા બેવડાઈ છે. જિલ્લામાં આજે ગાંધીનગરમાં ૯, દહેગામમાં ૨, માણસામાં ૨, કલોલમાં પાંચ કેસો નોંધાયા છે.

જિલ્લામાં મોટી વય ધરાવતા દર્દીઓની સંખ્યા વધી રહી છે. આ ઉપરાંત મહિલા દર્દીઓની પણ સંખ્યા વધી રહી છે તેથી તંત્ર ચિંતાતુર બન્યુ છે. ગ્રામીણ વિસ્તારોમાં સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કડક રીતે થાય તે જોવા પણ તંત્ર દ્વારા તાકીદ કરવામાં આવી છે.

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામેથી ૫૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સરઢવમાં કોરોનાએ પુનઃ હાજરી પુરાવી છે તેથી તંત્રએ સ્થાનિકકક્ષાએ સતર્કતા રાખી પરિસ્થિતિ પર નજર રાખવા સૂચના આપી છે.

વાવોલમાંથી આજે ૩ કેસ નોંધાયા છે. જેમાં ૫૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગી, ૫૦ વર્ષીય વેપારીનો સમાવેશ થાય છે. આ બે દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૮૭ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં વૃદ્ધાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

કુડાસણમાંથી ૬૧ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સુઘડમાંથી ૩૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુરમાંથી ૫૨ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

ખોરજમાંથી ૫૨ વર્ષીય પુરૂષ અને સરગાસણ ગામેથી ૩૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ તાલુકામાં રખિયાલ ગામેથી ૬૦ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. દહેગામ અર્બન વિસ્તારમાંથી ૨૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાં પણ આજે બે કેસ નોંધાયા છે. રિદ્રોલ ગામેથી ૪૦ વર્ષીય પુરૂષ અને પ્રતાપનગર ગામેથી ૮૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com